GJSK180007832026

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૯/૦૬/૨૦૨૬ |
| નોધ્યા તારીખ | : | ૦૯/૦૬/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | **૨૦/૦૬/૨૦૨૬** |

| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૦ | ૧૧ |

**<u>ઇડરના મે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ શ્રી (એમ.વાય.રાધનપુરવાલા) ની કોર્ટમાં, મુકામ–ઇડર</u>**

**<u>ફોજદારી પરચુરણ અરજ નં.૨૯૪/૨૦૨૬</u>**
**<u>આંક : ૯</u>**

**<u>અરજદાર :</u>** **અજયસિંહ વિક્રમસિંહ ચંપાવત,**
ઉ.વ.આ.૩૪, ધંધો–ખેતી
રહે.વિરપુર, તા.ઇડર, જી.સાબરકાંઠા

**વિરૂધ્ધ**

**<u>સામાવાળા :</u>** શ્રી સરકાર

**<u>અરજ :–</u>** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે.**

**અરજદાર પક્ષે વિ.વ.શ્રી :એમ.બી.જોષી**
**<u>સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી: એન.આર.શાહ</u>**

**<u>// ચુ કા દો //</u>**

(૧) આ કામના અરજદાર/ આરોપીએ તેઓની વિરૂધ્ધ નોંધાયેલ જાદર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૯૦ ૨૪૨૬૦૧૮૧/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૩૧૮(૪), ૬૧(૨) તથા આઇ.ટી.એકટ–૨૦૦૮ ની કલમ–૬૬(સી)(ડી) મુજબના ગુનાના કામે જામીન મુકત થવા હાલની અરજ દાખલ કરેલ છે.

અરજદાર/આરોપી તરફે તેમની અરજીના સમર્થનમા આંક–૩ ના પુરાવા લીસ્ટથી એફ.આઇ.આર. તથા એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટ, ઇડરમાં કરેલ જામીન અરજી તથા તેમના લગત થયેલ હુકમની નકલ તથા ચાર્જશીટની નકલ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી રજૂ થતાં આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે નોટિસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એન.આર.શાહ આંક–૫ ની પુરસીસ આધારે હાજર થયેલા છે અને આંક–૬ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી એ તેઓની અરજીના સમર્થનમા દલીલ કરતા જણાવેલ છે કે,પોલીસે અરજદાર/આરોપીને અટક કરી તા.૧૪ /૦૫/૨૦૨૬ ના રોજ ઇડરના ના મેહ. જ્યુ. મેજી. ફ. ક. સાહેબશ્રીની કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવી રિમાન્ડ સમય પૂરો થતાં તા. ૨૨/૦૫/૨૦૨૬ ના રોજ રજૂ કરવામાં આવેલ તે સમયે અરજદાર તરફે જામીન અરજી રજૂ કરવામાં આવેલ જે જામીન અરજી નીચેની કોર્ટે ના મંજૂર કરેલ અને ત્યારથી અરજદાર જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. ત્યારબાદ આ ગુનાની તપાસ પૂર્ણ થયેલ અને તે અંગેનું ચાર્જશીટ નામ. નીચેની કોર્ટ માં રજૂ થતાં અરજદાર તરફથી તા.૬/૬/૨૦૨૬ ના રોજ જામીન અરજી રજૂ કરવામાં આવેલ જે જામીન અરજી તા. ૮/૬/૨૦૨૬ ના રોજ ના મંજૂર કરેલ છે. અરજદાર તદ્દન નિર્દોષ છે તેઓની સામે મૂકવામાં આવેલ તહોમત ખોટું છે. તેઓએ કોઈ ગુન્હાહીત કૃત્ય કરેલ નથી. એફ. આઈ. આર. માં અરજદાર સામે કરવામાં આવેલા આક્ષેપો ખોટા છે. સદર ગુન્હાના કામે અરજદારને તેમના હિતશત્રુઓએ ખોટી રીતે સંડોવેલ છે. અરજદાર ખેતી તથા છૂટક કામ કરી તેમના પરિવારનું ભરણ–પોષણ કરે છે. અરજદારના કુટુંબમાં તેઓની પત્ની નાના બાળકો તથા વૃદ્ધ માતા પિતા છે જે તમામના ભરણ–પોષણ ની જવાબદારી અરજદાર ઉપર જ છે. અરજદાર મોજે – વિરપુર, તા. ઇડરના કાયમી રહેવાસી છે અને તેમના વતનમાં સ્થાવર તેમજ જંગમ મિલકત ધરાવે છે. અરજદાર નાસી, ભાગી જાય તેવા ઈસમ નથી. અરજદાર ફરીયાદમાં

જણાવેલ હકીકતો બાબતે કંઈ જાણતા ન હોય અરજદારને એકમાત્ર શંકાને આધારે અટક કરેલ છે. અરજદાર નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી અને તૈયાર છે અને પોલીસ તપાસમાં પૂરો સહકાર આપવાની તેમજ ટ્રાયલ વખતે સક્ષમ અદાલતમાં હાજર રહેવાની ખાત્રી આપે છે. પોલીસ તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને સદર ગુન્હા નું ચાર્જશીટ નીચેની કોર્ટમાં રજૂ થઈ ગયેલ છે જેનો ક્રી. કેસ. નં. ૯૮૫/૨૦૨૬ નોંધવામાં આવેલ છે અને સદર ગુન્હો રેકર્ડ આધારિત છે અને પોલીસ કસ્ટડીમાં હોય ચેડાં થવાની કોઈ સંભાવના નથી. અરજદાર નિર્દોષ હોવા છતાં તેઓને લાંબા સમય કસ્ટડીમાં રાખવામાં આવે પ્રિ – ટ્રાયલ પનિશમેન્ટ / કન્વીકશન જેવી સ્થિતિનું નિર્માણ થાય તેમ છે તેમજ સદર ગુન્હા ની સજાની જોગવાઈ જોતાં નામ. નીચેની કોર્ટને આ કામ ચલાવવાની હકૂમત છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવે તો તેઓ નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર છે અને શરતોનુ પાલન કરવા ખુશી છે. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓની દલીલમાં અરજદાર /આરોપીની અરજીના વિરુધ્ધમા તપાસ કરનારે કરેલ સોગંદનામાની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે, અરજદાર/આરોપીના કહેવાથી આરોપી નં.૧ નાએ પોતાના નામે ૬(છ) મ્યુલ બેંક ખાતા તથા આરોપી નં.૩ નાએ પોતાના નામે ૨(બે) મ્યુલ બેંક ખાતા તથા આરોપી નં.૪ નાએ પોતાના નામે ૫(પાંચ)મ્યુલ બેંક ખાતા ખોલાવી ત્યારબાદ આરોપી/આરોપી એ તથા ૧,૩,૪,૫ નાઓએ ભેગા મળી બીજા અલગ–અલગ સાહેદોને વિશ્વાસમાં લઈ મ્યુલ બેન્કના ખાતા ખોલાવી તથા આરોપી નં. ૫ નાએ અલગ–અલગ સાહેદોના નામે કોઈપણ રીતે મોબાઈલ સીમકાર્ડ ઈસ્યુ કરી સીમકાર્ડ મ્યુલ ખાતામાં ઉપયોગ કરવા સારૂ આપી આ મ્યુલ ખાતાઓની બેંક કીટો અરજદાર/આરોપી નાઓ મારફતે પકડવાના બાકી આરોપી નં.૬,૭,૮,૯ સુધી પહોચાડી તથા

આરોપી/આરોપીએ તથા પકડાયેલ નં.૧,૪ નાઓ ભેગા મળી પકડવાના બાકી આરોપી નં.૧૦ સુધી મ્યુલ ખાતાઓની કીટો પહોચાડી આ મ્યુલ બેંક ખાતાઓમાં સાયબર ફ્રોડના નાણાં કોઇપણ રીતે જમા કરાવી તે નાણાં ખાતામાંથી અન્ય ખાતામાં ટ્રાન્સફર કરતાં અલગ–અલગ મ્યુલ બેંક ખાતા બાબતે સાયબર ક્રાઇમની કમ્પ્લેઇન થયેલ હોય જેથી તમામ આરોપીઓએ ભેગા મળી ગુન્હાહિત કાવતરું રચી પોતાના આર્થિક તથા નાણાકિય લાભ મેળવવા સારું અલગ–અલગ સાહેદોને વિશ્વાસમાં લઈ મ્યુલ બેંક ખાતા ખોલાવી આ ખાતામાં સાહેદોની જાણ બહાર પરરૂપ ધારણ કરી ઓળખની ચોરી કરી આરોપી નં.૧,૩,૪ વાળાઓએ પોતાના તથા અલગ–અલગ સાહેદોના મળી કુલ–૩૯ મ્યુલ ખાતાઓમાં કુલ રૂ.૧૩,૯૪,૮૭,૩૬૪/– (તેર કરોડ ચોરાણુ લાખ સીત્યાસી હજાર ત્રણસો ચોસઠ)નુ ઓનલાઇન ટ્રાન્જેક્શન કરી સાહેદો સાથે છેતરપીડીં કરી આરોપી નં.૧ વાળો મોબાઈલ ફોન એક કિ.રૂ.૨૫૦૦/– તથા ચેક પાંચ,ડેબીટ કાર્ડ ચાર અને સીમકાર્ડ છ ની કિ.રૂ.૦૦/૦૦ સાથે મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં–૬,૭,૮,૯,૧૦ નહી મળી આવી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. જેથી લોકોનો મોટો સમુદાય ભોગ બનેલ હોય તેમજ આ ગેંગ નું નેટવર્ક અલગ અલગ રાજ્યોમાં ફેલાયેલ હોય જેથી સદર અરજદાર /આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવામાં આવે તો ફરિથી આવા પ્રકારના ગુનો કરી સમાજમાં લોકોને મોટુ આર્થિક નુકશાન પહોંચાડે તેવી સંભાવના રહેલ છે અને અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો પકડવાના બાકી સહ આરોપીઓને મદદ કરી ભગાડી મુકે તે શક્યતા નકારી શકાય તેમ નથી. તેમજ અરજદાર/આરોપી વિરૂધ્ધ સુરત શહેર તથા સાયબર ક્રાઈમ સાબરકાંઠા ખાતે છેતરપિંડી ની ફરિયાદ દાખલ થયેલ છે. જેથી અરજદાર/આરોપી ગુન્હાહિત માનસ ધરાવતો હોવાનુ ફલીત થાય છે. જેથી ચાર્જશીટ થઇ જવા માત્રથી અરજદાર/આરોપીના સંજોગો

બદલાયેલ નથી. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ની રજુઆત, તપાસ કરનાર અમલદારે રજુ કરેલ એફીડેવીટ, એફ.આઇ.આર. તેમજ તપાસના કાગળો લક્ષમાં લીધા. વધુમાં આ કામે અરજદારની અરજી અને અરજીના સમર્થનમા રજુ થયેલ આંક-૩ ના પુરાવા લીસ્ટથી સદર ગુનાના કામે ચાર્જશીટની નકલ રજુ કરેલ છે. તેમજ ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ હોઇ, તેમજ એફીડેવીટ ધ્યાને લેતાં અરજદાર/આરોપી વિરૂધ્ધ અન્ય બે ગુનોઓ નોંધાયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, સદર ગુનામાં કોઈ કાયદાની અદાલતે તકસીરવાન ઠરાવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર રજુ રાખેલ નથી. તેમજ અરજદાર/આરોપી વિરૂધ્ધના ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને વધુમાં અરજદાર/આરોપીને જામીન મુકત ન કરવામાં આવે તો, પ્રિ-ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. વધુમાં અરજદાર તપાસ દરમ્યાન સાથ સહકાર આપવાની ખાતરી આપે છે. સદર ગુના સબબ ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુડી.મેજી.ફ.ક.ની કોર્ટને છે. વધુમાં સદરહું ગુનાનુ ચાર્જશીટ ફો.કે.નં.૯૮૫/૨૦૨૬ થી દાખલ થઇ ગયેલ છે.તેમજ ગુનાની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે જેથી અરજદાર/આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવા યોગ્ય જણાતું  નથી. આ તમામ હકીકતો તેમજ એફીડેવીટ અને સાધનીક કાગળો ધ્યાને લેતાં હાલના તબકકે અરજદાર/આરોપીની હાલની જામીન અરજી કેટલીક શરતો આધીન મંજુર કરવામા આવે તો ત.ક.અમલદારે સેવેલ ભયસ્થાનો નિવારી શકાય તેમજ જામીન અરજીના નિર્ણય સંદર્ભે ની મહત્વની બાબતો જોતાં અત્રેની અદાલતને પ્રાપ્ત થયેલી વિવેકાધીન સત્તા વાપરવા માટે નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ઘણા બધા માર્ગદર્શક ચુકાદાથી કેટલાક મહત્વના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે પૈકી **નામદાર સુપ્રિમ કોર્ટે સંજય ચંન્દ્રા વિરૂધ્ધ સી.બી.આઇ. ૨૦૧૨, જીએલએચ-૯૩** ઉપર પ્રસિધ્ધ થયેલ  ચુકાદા તથા તેના

હાર્દને તથા તેમાના અવલોકોનને ધ્યાને લેતા, અરજદાર/આરોપી સામેના ગુનાની સજાની જોગવાઇ અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને યોગ્ય રકમના અને શરતો પણ જામીન મુકત કરવા ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

/// હુકમ ///

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી **અજયસિંહ વિક્રમસિંહ ચંપાવત,** ઉ.વ.આ.૩૪, ધંધો–ખેતી, રહે.વિરપુર, તા.ઇડર, જી.સાબરકાંઠાના ઓનેજાદર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૯૦ ૨૪૨૬૦૧૮૧/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૩૧૮(૪), ૬૧(૨) તથા આઇ.ટી.એકટ–૨૦૦૮ ની કલમ–૬૬(સી)(ડી) મુજબના ગુનાના કામે આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા ) ના જામીન અને તેટલી જ રકમના જાત જામીન રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ તથા જામીનદારે પોતાનું કાયમી અને કામચલાઉ રહેઠાણનું સરનામુ પુરૂ પાડવુ અને તેમાં કોઇ બદલાવ થાય તો તેની જાણ ટ્રાયલ કોર્ટને તથા ત.ક.અ.ને કરવી.

(૨) અરજદાર/ આરોપીએ તથા જામીનદારે પોતાનો મોબાઇલ નંબર ટ્રાયલ કોર્ટને તથા તપાસ કરનાર અધિકારીને આપવો તથા જયારે પણ મોબાઇલ નંબર બદલવામા આવે ત્યારે તુરત જ તેની કોર્ટને તથા સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કરવી.

(૩) જો અરજદાર/આરોપી પાસે કોઇ પાસપોર્ટ હોય તો તે ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો તથા તે કોર્ટની પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૪) અરજદાર/આરોપીએ જામીન સબંધિત કોર્ટમા આપવા.

(૫) આ હુકમની યાદી પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી તેમજ એક નકલ સબંધીત જેલ સુપ્રિ.શ્રીને મેઇલ ધ્વારા મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ **: ૨૦મી** માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ઈડર
તારીખ :૨૦/૦૬/૨૦૨૬

(એમ.વાય.રાધનપુરવાલા)
ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ
સાબરકાંઠા–ઈડર
જજ કોડ જીજે૦૦૭૩૪

***NVP***